# A.M.P. (Govt.) Law College

Dr. Homi Dastur Road, Opp. D. H. College Campus,
Near Dr. Yagnik Road, Rajkot – 360 001

Phone : (0281) 2465523 | Email : amplawcollege@gmail.com | Web : www.amplc.ac.in

## એલએલ.બી. ડીગ્રી કોર્ષના ઇન્ટર્નશીપ અંગેના નિયમો

### (૧) ઇન્ટર્નશીપ

ઇન્ટર્નશીપ એટલે વિધાર્થી અથવા તાલીમાર્થી કોઈપણ સંસ્થા કે વ્યક્તિ પાસે વ્યવસાયિક અનુભવ મેળવવા અથવા ડીગ્રી કોર્ષના લાયકાત માટેની આવશ્યકતા સંતોષવા માટે અમુક સમય માટે વ્યવસાયિક સંબંધીત કામગીરી કરવી. ઇન્ટર્નશીપ વિધાર્થીઓને કારકિર્દી સંશોધન,વિકાસ અને નવી કુશળતા શીખવાની તક આપે છે.

### (૨) ઇન્ટર્નશીપના ઉદ્દેશો

(૧) ઇન્ટર્નશીપ કાયદાક્ષેત્રમાં ભણતા વિધાર્થીઓના જ્ઞાનમાં વધારો કરે છે.

(૨) વિધાર્થીઓ ચોક્કસ સ્થળના કામનો પ્રથમ અનુભવ મળે છે.

(૩) વિધાર્થીઓને કાયદા ક્ષેત્રમાં વધુ અસરકારક રીતે ભાગ લેવા માટે સક્ષમ બનાવે છે. કારણકે તેનાથી વાસ્તવિક દુનિયાનો અનુભવ થાય છે.

(૪) તે વિધાર્થીઓને તેમની વિશેષક્ષેત્ર (સ્પેશ્યલાઈઝેશન) નક્કી કરવામાંમદદ કરે છે.

(૫) વિધાર્થીઓને વ્યાવસાયીક કુશળતા વિકસાવવામાં મદદ કરે છે અને તે કાનુની વ્યવસાય અને કાનુની પ્રક્રિયાઓની ઉંડી સમજ પુરી પાડે છે.

### એ.એમ.પી. સરકારી લૉ કોલેજ ઇન્ટર્નશીપ પ્રોગ્રામ

એ.એમ.પી. લૉકોલેજના વિધાર્થીઓ ઇન્ટર્નશીપ કરવા નીચેના કોઈપણ સ્થળોએ જઈ શકશે:-

- એન.જી.ઓ.
- લોવર કોર્ટ (નિચલી કોર્ટ)
- ડીસ્ટ્રીકટ અને સેસન્સ કોર્ટ (જિલ્લા સેસન્સ અદાલત)
- ફાસ્ટ ટ્રેક કોર્ટ
- ફેમેલી કોર્ટ
- જુદા જુદા ટીબ્યુનલ જેવાકે લેબરકોર્ટ,સેન્ટ્રલ એડમીનીસ્ટરેટીવ ટીબ્યુનલ
- હાઈકોર્ટ અથવા સુપ્રિમકોર્ટ
- વકીલશ્રીની ઓફીસ (૧૦ વર્ષ કે વધુ અનુભવ ધરાવતા)

## (૩) ઇન્ટર્નશીપ સમયગાળો:

**F.Y. LL.B.** - ૨ અઠવાડીયું દિવાળી વેકેશન
- ૩ અઠવાડીયું ઉનાળું વેકેશન

**S.Y. LL.B.** - ૨ અઠવાડીયું દિવાળી વેકેશન
- ૩ અઠવાડીયું ઉનાળું વેકેશન

**T.Y. LL.B.** - ૨ અઠવાડીયું દિવાળી વેકેશન

## (૪) ઇન્ટર્નશીપ પ્રકિયા

**૧. ઇન્ટર્નશીપ માટે સ્વતંત્ર રીતે વ્યવસ્થા કરતા વિધાર્થીઓ માટે ઇન્ટર્નશીપ પ્રક્રિયા.**

(એ) વિધાર્થીઓએ જાતે ઇન્ટર્નશીપ પસંદ કરવી પડશે અથવા ઇન્ટર્નશીપની વ્યવસ્થા કરવા માટે એ.એમ.પી. લો કોલેજને લેખિતમાં વિનંતી કરવી પડશે.

(બી) જો વિધાર્થીઓ જાતે ઇન્ટર્નશીપની વ્યવસ્થા કરે તો કોલેજ દ્વારા નક્કી કરેલ માપદંડ પરીપૂર્ણ કરવાના રહેશે અને કોલેજને જાણ કરવાની રહેશે.

**૨. જો ઇન્ટર્નશીપની વ્યવસ્થા એ.એમ.પી. સરકારી લૉ કોલેજ દ્વારા કરવામાં આવે ત્યારે અનુસરવાની પ્રક્રિયા.**

(એ) વિધાર્થીઓએ એ.એમ.પી. સરકારી લૉ કોલેજ ને ઇન્ટર્નશીપની ગોઠવણી કરવા માટે લેખિતમાં વિનંતી કરવાની રહેશે.

(બી) વિધાર્થીઓએ એ.એમ.પી.(સરકારી) લૉ કોલેજ દ્વારા નક્કી કરવામાં આવેલ સંસ્થા,વકીલ,કંપની ખાતે ઇન્ટર્નશીપ કરવાની રહેશે.તેઓને સંસ્થા વકીલ,કંપની અથવા ઇન્ટર્નશીપના સ્થાનને અનુલક્ષીને પસંદગીનો અવકાશ રહેશે પરંતુ આખરી નિર્ણય કોલેજનો માન્ય રહેશે.

(સી) એકવાર એ.એમ.પી. સરકારી લૉ કોલેજ દ્વારા ઇન્ટર્નશીપ નક્કી કરવામાં આવે ત્યારબાદ કોઈપણ સંજોગોમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહી, અને વિધાર્થીએ તેને સ્વીકારવો પડશે.

(ડી) એ.એમ.પી. સરકારી લૉ કોલેજ દ્વારા કોઈખર્ચ આપવામાં આવશે નહિ.વિધાર્થીએ પોતાના રોકાણ વગેરે ખર્ચની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.

## (૫) ઇન્ટર્નશીપ અહેવાલ

વિધાર્થીઓ દ્વારા જે કામ કરવામાં આવ્યું તેનો દૈનિક રેકોર્ડ જાળવવાનો રહેશે અને એ મુજબ ઇન્ટર્નશીપ એહવાલ એ. એમ. પી. સરકારી લૉ કોલેજ ખાતે જમા કરવાનો રહેશે. **અહેવાલ સ્વહસ્તાક્ષરમાં ગ્રીન લિગલ પેપર પર લખવાનો રહેશે.** ઇન્ટર્નશીપ અહેવાલ સાથે પ્રમાણપત્ર રજુ કરવું ફરિજયાત છે.

## (૬) ઇન્ટર્નશીપ અહેવાલનું સ્વરૂપ

**(પ્રથમ પેજ ફોર્મેટ)**

**ઇન્ટર્નશીપ રીપોર્ટ**

**એ.એમ.પી.સરકારી લૉ કોલેજ,રાજકોટ**

**એ.એમ.પી સરકારી લૉ કોલેજ, રાજકોટ ખાતે જમા કરવાનો રીપોર્ટ(અહેવાલ)**

શૈક્ષણિક વર્ષ - ______________________________

મહિનો અને વર્ષ - ______________________________

વિદ્યાર્થીનું નામ - ______________________________

સેમ.- ______________________________

રોલ નંબર - ______________________________

તાલીમ સંસ્થાનું નામ અને સ્થળ - ______________________________

તાલીમ માર્ગદર્શકનું નામ - ______________________________

શિક્ષકનું નામ - ______________________________

(દ્વિતીય પેઈજ ફોર્મેટ)


| સમાવિષ્ટોની સુચિ | | |
|---|---|---|
| ક્રમ | વિગત | પેઈજ નંબર |
| ૧ | પ્રમાણપત્ર | |
| ૨ | સ્વીકૃતિ | |
| ૩ | વિષય સૂચી | |
| ૪ | પરિચય | |
| ૫ | ઇન્ટર્નશીપ દરમ્યાન કરેલ કામગીરી | |
| ૬ | નિષ્કર્ષ | |
| ૭ | અનુભવ | |


## (૭) પ્રમાણપત્રનું ફોર્મેટ

## Certificate

It is certified that Mr./Mrs ___________________ Roll no. _________ Sem. _______of A.M.P. Govt. Law College, Rajkot visited my office for the purpose of internship from ______________ to _______________________. He successfully observed, recorded and completed work satisfying the internship requirements in accordance with the rules and regulations of Compulsory Clinical Course / Practical Paper of Saurashtra University and Bar Council of India.

Date: Seal & Signature of the Internship Guide

## (૮) ઇન્ટર્નશીપ માટેની સામાન્ય માર્ગદર્શિકા

1. વિધાર્થીઓએ ખુબ જ કાળજી સાથે ગંભીરતાપૂર્વક ઇન્ટર્નશીપ કાર્ય કરવાનું રહેશે.
2. ઇન્ટર્નશીપ પ્રોગ્રામની શરૂઆત થી અંત સુધી વિધાર્થીઓએ તેમની સંબંધીત સંસ્થા માં કે જ્યાં તેઓએ નોંધ કરાવી હોય ત્યાં કોઈપણ સ્ટાફને પરેશાની પહોચાડયા વિના તેમજ કામમાં ખલેલ ન પહોચે એ રીતે વર્તન કરવાનું રહેશે.તેઓએ સંસ્થાના નિયમો અને નિયમનનું પાલન કરવાનું રહેશે.
3. જે વિધાર્થીઓ સબંધિત સેમેસ્ટરમાં તેમની ઇન્ટર્નશીપ સફળતાપૂર્વક પૂર્ણ ન કરી શકે તો ત્યારબાદ તેમને કોલેજ દ્વારા અન્ય કોઈ સંસ્થામાં મોકલવામાં આવશે નહી.
4. વિધાર્થીઓ તરફથી કોઈપણ પ્રકારની ગેરશિસ્ત પ્રવૃતીઓને ખુબજ ગંભીર માનવામાં આવશે અને એ.એમ.પી. સરકારી લૉ કોલેજ દ્વારા તેમની સામે તાત્કાલિક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.
5. વિધાર્થીઓ ઇન્ટર્નશીપ કાર્યમાં નિયમિત હાજર રહેશે અને ઇન્ટર્નશીપના સમયગાળા દરમિયાન નિયમ મુજબ હાજરી હોવી જોઈએ.
6. વિધાર્થીઓએ યોગ્ય અને વ્યવસાયિક ડ્રેસ કોડ જાળવવો પડશે.તેઓએ સુઘડ અને વ્યવસાયિક દેખાવ સાથે ઇન્ટર્નશીપમાં ભાગ લેવાનો રહેશે.
7. વિધાર્થીઓએ દૈનિક ધોરણે ઇન્ટર્નશીપ કરવાની રહેશે,જેથી તેઓ યોગ્ય રિપોર્ટ જાળવી શકે.

*******************************************************************